ગુજરાતી

બીજી ચોપડીના અર્થ

કવિતાના અન્વય સાથે

બનાવનાર તથા પ્રસિદ્ધ કરનાર

કાંકુચંદ માહાસુખરામ.

આવૃત્તી પેહેલી.



અમદાવાદ

આસ્ટોડીઆ આગળ ગાલાઓઆની સાથ

શા હીરાભાઈ પુનમચંદના મકાનમાં

એંગ્લોઇન્ડિયન પ્રેસમાં

કાળીદાસ મોહનચંદે છાપ્યા.

કીમત ૨ આના.

ગુજરાતી બીજી ચોપડીના

અર્થ

પાઠ ૧.

ઉકેલતાં—વાંચતાં. ફેરવતાં.
શિખામણ—બોધ, ઉપદેશ.
મઝાની—સારી, ખાસા, સરસ, શું.ર.
સાચવજો—જાળવજો, સંભાળજો, રક્ષણ કરજો.
બાળાઓ—બાળકીઓ, છોડીઓ, છોકરીઓ.
અક્ષરે—દસ્કતે, હરફે
આવડ્યા—શીખ્યા
સાંભળે—સુણે, શ્રવણ કરે.
બગાડશો—ખરાબ કરશો
તાણીને—ખેંચીને
વાતો—કથાઓ, કહાણીઓ.
મેહેનત—મજુરી, વૈતરું, શ્રમ
ધીમે—હળવે, ધીરે આસ્તે
નાહે—ધોવે, નાહે.

પાઠ ૨

શોભાય—સારી દેખાય.
કારજ—કામ. અર્થ, મતલબ.
હૈયું—મન, દીલ અંતઃકરણ.
ચોપડીઓ—બુકો, પોથીઓ, પુસ્તકો.
હરખાય—ખુશી થાય, રાજી થાય
સમજણ—અક્કલ, બુદ્ધિ, ગતાગમ.
વીગતથી—સારી રીતેથી
સાર—સારાંશ, મતલબ, શોધન તાત્પર્ય, અર્થાંત.
વિષે—બાબત.

પાઠ ૩

લાધ્યો—આણ્યો
પુછ્યું—પુછપાછ કરી, [illegible]

જ કરી.
રાણા—રાજા.
બારણામાં—દ્વારમાં, ઘરમાં, દ રવાજામાં.
પસાશે-જવાશે, અવાશે.
પાટો—લુગડાનો લાંબો કકડો, બંધન.
અકલી-પઠી.
ભાગ-હિસ્શો, કકડો.
બોલ્યા-કહ્યું.

પાઠ ૪

ફરિયાદ-દાદ, અરજ, વીનંતી.
એકલા-પંડે, જાતે.
પકડાવી-ઝલાવી.
મંગા.વો-મગાવ્યો.
માહારાજ—મોટા રાજા.
ગભરાઈને—અકળાઈને, બી હીને, રૂંધાઈને.
હુકમ—અમલ. આજ્ઞા, ફરમાન, અખતિયાર, સત્તા.
રીસ—ક્રોધ, કરો, નામરસ.
પેટ—ઉદર.
કુવા—કુંપ.

ઘુમેઘુમ—ધાંટધાંટા, હોકારે હોકારા, બોશીબોસ.
ગોવાળીઓ—ઢોર ચારનાર.
ગોવાળ—ગાયોનો રખવાળ.
છેવટ—આખર. છેલ્લે.
ગોવાળણ—ગોવાળની વહુ.
વાળ્યું-દીધો, આપ્યો
કાહાડયો—ઉપર આણ્યો.
ફુટી—ભાગી.
પાળી— એક પડની રોટલી.

પાઠ ૬

તપાવી—ગરમ કરી, ઉની કરી.
પાટલા—બાજોઠીઆ.
ઘુરઆઈ-ઢબાઇ,ચોટાઇ, ડંડાઇ
ઠોકયો—મારયો, કુટયો.
બાલચોળ-રાતુચોળ.
લોઢી—તવો.
દાઝી-બળી.
શોનાના-કનકના, હેમના.

પાઠ ૭

ગાગર-માણ, ઘડાના કરતાં મોટું પાણી ભરવાનું વાસણ.
ઓસડ—દવા, ઓઉશદ.
ઝેર—વીખ

સાજી-તાજી, સારી હતી તેવી
છોડી—છોકરો, છોરી, દીકરી, બેટી.
રોજ—હમેશ, નિત્ય.
મેળાં—ગંદા.

પાઠ ૮

વરસાદ—મેહ, મેઘ, ઘન.
ઘેબરીયો-ઘેબરના જેવો મોટો
પ્રસાદ-ભોજન, સામગરી, નૈવેદ્ય
નેવલે—નેવે.
કારેલાનું—એક જાતની લાંબી તરી શાક.
ગાજે-રાબ કાહાડાને બોલજો.
દેડકો-મેડક, દાદુર.
ગીત—ગાયન, ઘોળ, ગાનતાન
ઠીક—સારૂ, બેશ.
સમજેછો—જાણોછો.

પાઠ ૯

એકજ—સરખુ, બરોબર.
જગુરા—ખરૂ, ચોજ.
બેસાય—બેઠાય.
પારકો—બીજા કોઈનો.

પાઠ ૧૦

જાળવે-સાચવે, સંભાળે.
રક્ષણ કરે, જતન કરે.
રાતે-નિશાએ, જામનીએ, રજનીએ, રાત્રીએ.
પટેલ—કણબી, ગાડા હાંકનાર
નીરે-નાખે, ખાવાનું મુકે.
સભાળ-રક્ષણ, તજવીજ.
જતન—આરતના વાસના, સંભાળ, સાચવણી.
જક્કી—હઠીલું, આકું, મતીલું.
વાછરડું—ગાયનું બચ્ચું, રેલ્લું.
વાડો—છીંડી, ઢોર બાંધવાની જગા.
પાડું-ભેંશનું બચ્ચું
ગાયો—ગૌઓ, ધેનુઓ.
સવારે-વાહાણે.

પાઠ ૧૧

ચેન-ખુશી, ગમત, સુખ, આનંદ.
અહીંઆથી—આ જગાએથી અતરેથી.
બંધીખાને-કેદખાને, જેલમાં.
ફુરાપ-જવાપ, અલાપ, હબાપ.
વિચાર-તર્ક, તુરંગ, કયાસ, મનસુબો.
વાંશે-પાછળ પ[illegible]

નીસરો—નીકળી, નાશી

લાગ—વખત, સમય, દાવ, અવસર તક.

સમજાવ્યું—શિખામણ આપી.

છુટું—કબાન વગરનું, વછુટું.

પાઠ ૧૨

ફાવ્યો—ભાવ્યો, આવ્યો

અણસમજ—અજ્ઞાન, બુદ્ધિ વગર, ગત વગર.

વગડામાં—જંગલમાં, અરણ્યમાં, વનમાં

કોતર—ખાડા, ગુફા

સટકી—નાશી, દોડી

ડાહ્યો—સમજુ, ડાવકો, ચતુર, વિચક્ષણ.

આગળ—અગાઉ, આગમચ, પ્રથમ, પુર્વે.

ભલું—સારૂ ખેશ.

પાડોશી—પાશે રેહેનાર.

પાઠ ૧૩

છેક—છેવટ, અંત.

વાઘ—સારદુલ, શાવજ, ચીતરો.

માન્યું—કબુલ કરયું.

ચરણોને--પગોને

પ્રાણ—આત્મા, જીવ.

દુખીયું—અસુખીયું. દરદવાળું.

ચિત—મન

અવસ્થા—હાલત.

કીધો—કરયો.

વળતી—પછી.

પાઠ ૧૪

પળાજેછે—નીભવેછે બીની કરેછે

ચીકણી—ચીકાશવાળી. ગાકડી.

ઠીકરાના—માટીના, કચરાના.

ભરવાના—ઓરવાના, નાખવાના.

આવરકે—જમાવે, મેળવે

જાત—પ્રકાર.

કોડીયાં—દીવા કરવાના વાસણ.

નરમ—પોચુ, ઢીલું.

માટી—મટોડા.

થાયછે—બનેછે

ગોળીઓ—મોટી માટલીઓ.

પાઠ ૧૫

પાળે—કાંઠે, તેડે, કીનારે

વાગ્યા—લાગ્યા.

બગાડ—નુકશાન જાન, ખરાબી.

ફેંકવા—ઉછાળવા, નાખી દેવા.

કાતરે—કંટાળેલું.
મંડયા—મચ્યા.
તળાવ—નાનું સરોવર, મોટામાં મોટા કુંડ
પથરે—પઙ્ગણે
જવાબ—ઉત્તર,
ધડાધડ-ધબાધબ, ભડાભડ
કશાએ—કાંઈએ
ખરૂં-સાચુ, બરોબર બાજબી
ગરીબ-બચારો, બાપડો, કંગાલ, અનાથ, રાંક.

પાઠ ૧૬

બેનપણી—સહીપણી, સખી, સહચર, ગોઠિયણ.
નોતરૂં—આમંત્રણ, તેડું
ભુંગળી—નળી.
વેલણું—રોટલી વણવાનું સાધ.
તપેલી—નાનું તપેલું.
કડછી—રશોઇ કરવાનું સાધ
તાસક—રકેબી, નાનીથાળી
વખત—વેળા, સમય, કાળ
રાંધ્યું—ખાવાનુંકર્યું
તે વડે—તેનાથી.
થાળી—ધાતુની રકાબી
મો આગળ—નજીક, પાસે.
વાડકા-કટોરા

પાઠ ૧૭

મચ્યા—ખામી કરાર બાકી
બાફણી-શેકવાથી ફુલેલું અનાજ.
ખાવાનું-જમવાનુંભોજનકરવાનું
પુઆ-ડાગેરને ખાડેથી ચપટું થાય છે તે
ભાંડવુ—ગાળો દેવી, કવચન કેહેવાં.
ટેવ-આદત,બત,રીત,સાલ, બા
બા—બેહેન.
લડે-વઢે.
ટજીઆ-ફંકાસ, ટટો.
મેહેતાજી-ગુરૂ, પંડયા, ભણાવનાર માસ્તર.
વેહેલી-તાકીદ, ઝટ, લાખડતોબ

પાઠ ૧૮

છોટીઆ—નામ છે.
નાનું—છોટું.
મેલાય-મુકાય, છોડાય.
ભાણો-ભાણેજ, બેહેન તથા દીકરીનો દીકરો.
આટલી—હાવડી.
....ાં ....

વાર—વખત, વેળા, કાળ

દેખાય-જોવાય, જણાય. દ્રષ્ટીએ આવે. નજરે પડે.

રોતો-રડતો. આંસુ પાડતો

લે-પકડ, ઝાલ.

તેડવા-બોલાવવા

ભાઈ—બંધવ, ભ્રાત

બહેની-સગી બેહેનપણી.

પાઠ ૧૯

નિશાળીયા—વિદ્યાર્થી, નિશાળમાં ભણનાર.

લાકડી-જેષ્ટીકા, ઘોકા, ડંગોરી.

ભણેલા—શીખેલા, વિદ્વાન

પરીક્ષા—તપાસ, અજમાશ, તજવીજ, કશોટી.

ઈનામ—સરપાવ, બક્ષીસ.

બાકી—અધુરૂ, શેષ.

જોવા—તપાસવા.

પાઠ ૨૦

ઉતાવળ—જલદી, તાકીદ, તાબડતોબ.

સામટુ—એકદમ, એકીવારે.

નીકળ્યો—બાહાર આવ્યો

ઝોડો- બાચકો.

બોર-બોરડીના ફળ

હાથ—ભુજ, કર, હસ્ત.

સાંકડું—નાનું

પાઠ ૨૧

પુંછડિયો—પુંછડાવાળો.

ખીજવવું—ચીડવવું.

હજામ—ઘાંયજો, વાળંદ,

બાંડો—વગર પુંછડાનો.

કપાણી—વઢાવી

ચીડવે—ખીજવે.

સાત પુંછડીયો-સાત પુંછડાવાળો

પાઠ ૨૨

કામકાજ—જરૂર, અગત્ય.

કોદાળી—ખોદવાનું લોઢાનું હથિયાર.

મજુર—વેતરો, ટેલકરી.

સાંચા—અસલ

ભિખારી-ગરીબ, રાંક. અનાથ.

બાયડીઓ—સ્ત્રીઓ. બઈરીઓ.

દરજી-મેરાઈ, સઈ.

ધોબી—પરીયટ, લુગડાં ધોનાર.

સુતર—કાંતેલું રૂ.

મોતીના—મોતીના આકારના

અપં—જરૂર, અગત્ય.

કાર્તે—સુતર કાઢે.

પાઠ ૨૩

ધ્યાન-નજર

ફરતા—ભટકતા, આથડતા.

માયા—પ્યારતી, હેત, પ્રીતી.

ચઢવું—ભણવું

પાંતરા—શીખ્યા.

વેળાસર—વખતસર.

મન—અંતઃકરણ

ભુલ—ચુક.

પાઠ—ધડો.

પાઠ ૨૪

નિત્યે-રોજ, હમેશ, દરરોજ,

ચિત્ત-ધ્યાન, નજર, લક્ષ, કાળજી

રૂડી—સારી, ખરી.

ગુરૂની—મેહેતાજીની

ચોડી-લગાડી. ચોટાડી

શિક્ષ-શિખામણ

સમજો—શીખો

પાધરૂ-પાધરે, સીધું, ઉભુ

પાઠ ૨૫

વિદ્યાશાળી—ભણવાના

ગાડાવાળો-ગાડું હાંકનાર

રોકીને-ઘેરીને

નીચે-હેઠળ

વિચારયું—ધારયું

રસ્તો—મારગ, પંથ

ઠેકાણું—જગો, મુકામ

ભિખારે-ગરીબ, અનાથ, રાંક

સારી—ખરી, સુંદર

પાઠ ૨૬

ટોપલી—સુંડી

નળીયાં—નેવાં

કોપરાં—ટોપરાં

ભીંત—દીવાલ

છાંયું-ઢાંકણ કરયું

દાણા—અનાજ

મારગ—રસ્તો, પંથ

છાપરૂ—ઘરનું ઢાંકણ

ભારો—જુડો

કનેથી—પાસેથી

ધણી—માલીક

દાંડા—દંડા

કમાડ—બારણાં

પાઠ ૨૭

ભીંતરડી—દીવાલ, ભીંત

ઉધાડો- [illegible]

છાપીં—ઢાંક્યાં
કેરા—ના, છઠ્ઠીનો પ્રત્યય
રખડવા—આથડવા, રઝળવા.
બારણાં—કમાડ, દ્વાર.
આડું—અવળું, વાંકું
વાળીને—અટકાવીને, બંધ કરીને
વલે—હવાલ હાલત
જોજે—તપાસજે, સંભાળજે
ઉઘાડજે—ખોલજે
માને-કબુલ કરે, સ્વીકારે
શી—કેવી
કાલે—આજે દહાડે

પાઠ ૨૮

અમથી—અમસ્તી; નકામી
બાહાર—બારણે
આવડતું—આવડીનું
રઝળવા—રખડવા
સુખી—આનંદી
જોડેલી—બનેલી; કલ્પેલી
ખરી—સાચી
બનેલી-થએલી

પાઠ ૨૯

રાતાં—રક્તો
. . . —. . . માં

નહોરે—નખોરીયા
પાહોળું—ભીંગારી લું
ચોપડ્યાં—લગાવ્યાં
તાણતો—ખેંચતો
ભેંકડો—જોરથી રોવું
ઊંદરડી—ઊંદ.ની માદા
લાહ્ય—અગનીઓ, ગરમીઓ, બળતરાઓ
સરખી—બરોબર
મુકી—મેહેલી
સુતો—પોઢ્યો

પાઠ ૩૦

તાંબુ-લાલ રંગની ધાતુ
ખેળારાપરે—સહેતીપરે
તાંબાકુંડીચો—તાંબાના કુંડાં
અથડાય—કુટાય, અફળાય
માંજેલાં—અજવાળેલાં
પીતળ—પીળી ધાતુ
ઠરવું-ધાતુનું વાસણ
ગોબાય—ખાડા પડે
ચળકતાં—ઝળકતાં; ઝગમગતાં
કથરોટ મોટા તાંબાનો વાળો
લોટા—પાણી પીવાના ગોળ
આકારના વાસણ

પાઠ ૩૧

નાનીશી—જગાર જેટલી

પોતડી—ધોતલી

પીછોડી—ખેસ, દોપટો

કીરકોરી—રેશમી કોરની

પાઘડી—પાઘોટી, પાગ

હલકી—જુજ કીમતની

જામદાનો—બારીક, બુટાવાળુ લુગડું

અંગરખી—નાની ડગલી

દીકરો—છોકરો, ઓરણજાયો છૈયો પુત્ર

ટોપી—માથે પહેરવાનું વસ્ત્ર.

કાકા—બાપના ભાઈ

આંક—આંકડા, રેખા

નામાં—નામ

પહેરીને—ઘાલીને

પાઠ ૩૨

વાગોળવું—પશુનું ગળામાંથી પાછુ લાવી ચાવવું

માખણ—દુધનું તત્વ

ખરીઓ—પશુના પગના નખ

હલાવે—હીલવે

ફાટ—ચીરે, તરડ

ભાવે—ગમે, પસંદ પડે, મારૂકે આવે.

ચરેછે—ખાયછે.

મોહો—મુખ, વદન.

ઘણુંજ—વધારે, બહુ.

પાઠ ૩૩

ગુણ—નફો, ફાયદો.

અગણીત—ગણાય નહી તેવા

ખાંતે—ઉલટે, હોંશે, ખુશીથી

જન—માણસ, પુરૂષ, મનુષ્ય.

પંખી—પાંખવાળા જનાવર

નર—મરદ, પુરૂષ, ભાયડો.

નાર—સ્ત્રી, બાયડી બૈરી, ભારજા, ત્રીયા.

આધાર—ટેકો, આશરો, ઓથ

પ્રભુ—ઇશ્વર, પરમેશ્વર, ઈષ્ટદેવ

પ્રાણ—જીવ

જન્મતી—અવતરતી.

સુખદાતાર—સુખ આપનાર.

કહેવાય—બોલાય.

સૌ—બધા, તમામ.

વાર—વખત, સમય

પાઠ ૩૪

ફુમગાક—ઝોક [illegible]

આસણી—ખાંડને ઉકાળી જાડી કરે છે તે.
ખુરૂ—ઘોએલી ખાંડ.
ઠારે—ટાહાડું પાડે, જમાવે.
વલોવે—દહીને છાશ કરવાની ક્રિયા.
માવો—દુધ બાળેથી થએલો લોચો.
ખડખાં—ગડફા, ડેબલા.
તાવીને—તપાવીને, ઉનું કરીને, ગરમ કરીને.
પેંડા—એક જાતની મીઠાઈ.
જામીજાય—બંધાઈ જાય.
લોચો—લચકો, લોંદા.
બાળે—ઉકાળે.
લોચા—લચકા.

પાઠ ૩૫

લેખણ—કલમ, વતરણું.
સંતાડીને—છુપાવીને
છાનીમાની—સંતાડીને, ગુપચુપ, ન માલમ પડે એવી રીતે
પડેલી—પડી રહેલી.
માન્યું—સ્વીકાર્યું, કબુલ કરવું.
[illegible], ચાલ.

ચોરની—તસ્કરની, ઢોંગાની.
જોઈને—તપાશીને, સાચવીને.
ખોટી—જુઠી, સાચી નહી તે.
જુઠા—વાંકા બોલા, લબાડ, ખોટું બોલનાર.

પાઠ ૩૬

પાવલી—રૂપીઆનો ચોથો ભાગ
માન્યું—કબુલ કર્યું.
ચોરી—તસ્કરનું કામ.
કાગળ—પત્ર.
લટકાવી—ટંગાવી.
કોટ—ગળુ, ડોક.
ફજેતી—બદબોઈ, અપકીર્તી, બેઆબરૂ.
પકડાઈ—ઝલાઈ.
કને—પાશે, નજીક
જુઓ—દેખો, ભાળો, તપાશો.
કોટે—ડોકે.
જોઈ—દેખી, તપાશી, ભાળી.

પાઠ ૩૭

દીકરાની—છોકરાની, છૈયાની.
વઢવું—લઢવું, કજીઓ કરવો.
શરમાયો—લજવાયો.
હવાલ—વલે, દશા.

વાળુ—સાંજ વખતનું ભોજન
પેહેલાં—પ્રથમ. આગળ.
તેડાવીને—બોલાવીને.
દુઃખ-કષ્ટ, સંકટ.
વહીને—બહીને.
કશું—કાંઈ.
જણશ-વસ્તુ, ચીજ

પાઠ ૩૮

લેવી—લઈ જવી,
કદી—કોઈ દીવશ, કોઈ વખત
ઉપાય—ઈલાજ
પાપી—દુષ્ટ, કુકર્મી, અધર્મી પાપાષ્ટ
સ્નેહ—દોસ્તી, હેત, પ્રીતી.
દેહ—શરીર, દીલ. કાયા.
રાચે-રીઝે, રાજી થાય, ખુશી થાય.
શોભે—દીપે, સારી દેખાય.
જગપતી-જગકર્તા, જગત બનાવનાર ઈશ્વર.
પુરો-બરોબર, અધુરો નહી તે
માટે—વાસ્તે, કાજે.
બાળક-બચ્ચું, નાનું છોકરૂં.

પાઠ ૩૯

ગાંધીનો-કરીઆણું વેચનારની
બદામ મેવાની જાત.
દુકાન—હાટ. પેઢી.
ઓળખીતો—પીછાનવાળો
દરાખ-દ્રાક્ષ.
કાજુ— એક જાતનો મેવો.
વાટી—કોપરાની કાચલી.
મગફળી— મગની શીંગ.
ખજુર—લીલી ખારેકો
મામા—માનો ભાઈ.
ચારોળી-મેવો.
વળતી-પછી, મોડે.

પાઠ ૪૦

ચંદ્રમા-રશી. શોમ, ચંદ્ર, ચાંદ
સારસ્વતી—વિદ્યા.
વિદ્યા—સારસ્વતી.
ઘણાખરા- ઘણાએક.
દિવશ—દાહાડો, દન.
છુટ્ટી—રજા
રાવેવાર— સુર્યનો વાર.
સુરજ-સુર્ય, રવી, પ્રભાકર.
વેહલી-જલદી, તાકીદ.
શુકરવાર—શુક્રનો વાર.

પાઠ ૪૧

જબરો—મજબુત, જબરે, બળવાન
વહાણામાં-સવારમાં. ફજરમાં
ઝાંસ—ઓસ, માટી.
ચરચાર-ચારે ચાર.
કીડા—જીવડા, એળ.
કુદતો—ઠેકડા મારતો. ઉછાળા મારતો.
ડોલતે—ઝુલતો, હાલતો.
સાંજ—આથમતો દીવશ
બાંઠ—જબરો, મસ્તાન
મેહેનતુ—ઉદ્યમી, વેતરૂ કરનાર
માળો—પક્ષીને રેહેવાનું ઘર.
કાગડો—કાડીયો.
કાળો—શ્યામ.
ભોંય—ધરતી. જમીન
મુએલાં—મરી ગએલાં.
ઓળંગેછે-પારજાયછે, પીઠાનેછે
ઉગ્યા—ફુટયા, નીકળ્યા

પાઠ ૪૨

પાંખાળો-પાંખવાળો.
રાગ—સ્વર, કંઠ, સુર
રૂપાળો—ખાસો ફુટડો, રૂડો
[illegible]—જલદી તાકીદ.
કાંકરે-કંકર.
ચાહે-ઇચ્છે.
હણવા-મારવા
જલદી—તાકીદ, ઉતાવળ
ચતુર—સમજુ, શાણો.
કોય—કોઈ.
ચેતી—જાણી, સમજી
ઉડી—ઉપડી.

પાઠ ૪૩

પીતરાઈ—એક વંશના સગા
મોસાઈ—મોસાળની તરફના સગા.
ભત્રીજો—ભાઇનો દીકરો
ભાણેજ-બેહેનનો છોકરો
સાળીઓ—વહુની બેહેને.
બનેવી-બેહેનનો વર.
માશો—માશીનો વર.
ફુઓ—ફઇનો વર.
બાગે—થાય.

પાઠ ૪૪

જમાઇ—દીકરીનો વર.
સપસપીને—સલાહથી, એક રાગથી, હળીમળીને
સાવકા—એક બાપને મા જુદી

વેહેવાઇ-વર વહુના બાપનું અરસ પરસ સગપણ.
ઓરમાઈ-સાવકા
વેહેવાણ-વર વહુની માનું અરસ પરસ સગપણ.
સગા—કુટંબી

પાઠ ૪૫

ચોહુ—બજાર, મારકેટ.
ફડાવ્યું—કપાવ્યું
ખાદી-જાડું લુગડું.
દોશીવાણીયા—કાપડ વેચનાર.
વાણોતર-ગમાસ્તો, નોકર.
કાલે—ગએ અથવા આવતે દીવશે.
બાસ્તો—ખાદીથી ચડતું દેશી લુગડું
શેલું—રંગેલી ખાદી.
હાટ—દુકાન પેઢી
જાજમ—શેત્રંજી, બીછાનું.
અંગરખું-કેહેડીયું.

પાઠ ૪૬

મહીના—માસ, મસવાડા
દીવાળી—વરસ આખરનો છેલ્લો દીવશ.
ઉતરાણ—મકર સંક્રાત
વસંત—રૂતુનું નામ.
પર્વ—તેહેવારનો દીવશ.
રામનવમી—રામજીના જન્મ દીવશ
અખાત્રીજ—વઇશાખ સુદ ૩ નો દીવશ.
વરસ-સાલ, બાર મહીના.
શિઆળો—ઠંડની રૂતુ
ઉનાળો-તાપતી રૂતુ
ટાઢ—ઠંડ
નવું—તાજુ
દેવદીવાળી—દેવની દીવાળી
વસંતપંચમી-માહાસુદ ૫.

પાઠ ૪૭

ચોમાસુ-અનુરમાસ, વરસાદના દિવશ, વર્ષા રૂતુ.
પચુસણ—શ્રાવકના તેહેવારના દિવશ
ગોકળઆઠમ—જન્માષ્ટમી, કૃશ્નનો જન્મ દિવશ
શ્રાવણ-વર્ષનો દશમો મહિનો.
પખવાડીયું—અડધો માસ.
ગણપતિ ચોથ-ભાદરવા સુદ ૪

પરતાદ—મેહ, મેઘ, વન.
સરાદિઆં—ભાદરવા વદ.
તિથિ-તથ, તારીખ, તથી.
ઉતરતાં—પુરા થતાં.
દશેરા—આશોસુદ ૧૦
દીવાશો—શો વરખનો માશો, આ
સોડવદ અમાસ
મેળા-તેહેવાર, તમાશા, મેદની
શ્રાવક—જૈનધર્મી લોકો

પાઠ ૪૮

વાજાં-વાજીંત્ર
મરઘોડો—વરને જમવા જવા
તથા પરણવા જવાના સ્વારી
સરણાઇ-પીપી, પીપુડી.
નગારાં—તાંસા
ભુંગળ—વગાડવાનું વાજાં જે
વું યંત્ર.
ઘડીઆળ—વખત જાણવાનું
યંત્ર.
દેવળ દેવસ્થાન, મંદીર.
તનુડાં-રણસિંગા
ઝમકારો-ઝણઝણાટ, ચમકારો
કુંડાળુ -ચકરડું.
પ્રખાર—મરદંગ.
નાદ—સાદ. શોર, અવાજ.
ઝાઝ કાંસ્ય ઝીંઝોડા.
ઘંટ—મોહોટા ઘંટડી.
વાહવા—આફ્રો
ઢોલ—મોટું નગારૂં.
વગાડે—બજાવે.

પાઠ ૪૯

વરસ ગાંઠ-જન્મગાંઠ, સાલગી
રી, જન્મ દિવશ
રાછતા—રાઈ ચડાવેલાં.
ઘરેણા-શોના તથા રૂપાની શો
ભાયમાન પેહેરવાનીજણશો,
પેહેરાવ્યાં—ઘાલ્યાં.
બીડાં—પાનનાં વાળેલાં પડી
કાં અથવા બીડાચો.
પાનશોપારી—મુખવાસ.
કુંઅર—લાવશી.
અડાડચો—અડકાડયો, સપર્શ
કરાવ્યો.
કશાને—કાઈને.
મીઠા—નામ.
જમવાનું—મીશાન લેવાનું,ખાવ
નું, આરોગવાનું
મઝન—ગમત, લજત, ખુશી.

મંછી-સ્ત્રીઓનું નામછે

પાઠ ૫૦

શરીર—ગાગ, દીલ, હાડ.
ગુમડા—મોટા ફોલ્લા
ઊલ—મોહોડામાની લાલ
ફીકર—ચીંતા, ખાસ્તી.
કોહ્યો—સડો.
ગંધાય—ખરાબ વાસ આવે
ઘસવા—ચોળવા, મસળવા
મસળવું—ચોળવું ઘસવું.
દઉં—આપું.
ચોખ્ખુ—સાફ, સ્વચ્છ.
ચોળીને—મસળીને
ધોએલાં—ઉજળાં કરેલાં, સાફ કરેલાં.

પાઠ ૫૧

ઉપણે—ભણે, કાપે, વાઢે.
લુઓ—ગોળ બચકો.
ઉચલાવીને—ફેરવીને.
લાડવા—એક જાતની ખાવાની વસ્તુ.
ખેડવું—ખાતરવું
તાપ—ઉનું, તડકો, ગરમી.
પાકવું—પાકુ થવું.
કલેડું—રોટલા કરવાની કુમારની ઠીબ, અથવા તાવડી.
લોઢી—તવો
શેકવુ—ખરૂં કરવું તપાવવું.
વાવેછે—રોપે છે.
ઉગી—વધી.
લોટ—આટો.
ઘડે—બનાવે, કરે.
મેર—બાજુ.
વાસ—આસરે

પાઠ ૫૨

ઢીમણું—સુજેલું ઉપસેલું, ફુલેલું.
ગભરાવવું—અકળાવવું બેભાન થવું
વારો—વખત, સમય
ખસેડ્યા—ધકેલ્યા, કાહાડ્યા
ધરાવું—સંતોષ પામવું
કોણી—હાથનો વચેનો ભાગ
ખઝાડીને—લગાડીને, વળગાડીને
ખુબ—ઘણુંજ, બહુ
વાગી—લાગી, અથડાઈ પછડાઈ
રોતોરોતો—રડતો રડતો

આઘો—છેટો, વેગળો, દુર
સામું—સનમુખ, સીધું
દયા-રેહેમ, મેહેરબાની

પાઠ ૫૩

ઊંદર-ગણપતીનું વાહન
કાતરી-કરડી, કાપી.
લોક—માણસ, મનુષ્ય, જન
સતાઈ—છુપાઈ
ચંચળ-હોંશીઆર, ચપળ
તરત-તે વખત
સર્વ-બધા, સઘળા, તમામ
ફુંકતો-ફુંક મારતો
ખુણે ખાચરે—આડે અવળે.
ભોંય—જમીન, પૃથવિ, ભુમી,
દીઠામાં—દેખવામાં, જોવામાં
ઝાલવા—પકડવા
ઝટ—જલદી, ઉતાવળ, તાકીદ
કરડેછે—બચકાં ભરે છે
ખબર-માલમ. જાણ
બિલાડી—મની બલ્લી મંજરી
મંજરી મની, બિલ્લી, બિલાડા
ચુકું ચાં—ઊંકે આં, લગારે અવાજ.

પાઠ ૫૪

રંજાડ-હરકત, વીપતી, નુકશાન, પીડા. દુઃખ
ચાડ—લુટારાનું ટોળું
ખારાં—ખારાં, નવાં, મેહેનનાં
મની—બીલાડી. મંજરી
ખવટ-પતી, વાટ, ચરાખ
કપડા-વસ્ત્ર, લુગડાં
ઉપાય—ઈલાજ
પાર-છેડો, કીનારો કાંઠો, અંત
વહેલા—બહુ, જલદી થયા
હારોહાર—હારબંધ
ચડબડ-દોડતા, કુદતા, ધમપછાડ કરતા.
માહાસુખ—મોહોટું સુખ

પાઠ ૫૫

પાંદડાં—પાના, પાત્રાં, પાલો,
સાંભરેછે—યાદ આવેછે
બાપડી—ગરીબ, બિચારી
એ વું-એમ ગ ઢાંકયું.
વાળ—બાળ, કેશ, નીમાળા
ભુલી—વીસરી, ચુકી
રંધાય-રસોઈ થાય, બફાય
કાચા—પુરા ચઢેલા નહી તે
નાહાર-ઠંડ

વાય—લાગે

પાઠ ૫૬

આંચળ—થાઈ
ધાવતા—આંચળ મોઢામાં ઘા
લીને ચુસતા
જોર—બળ, શક્તિ કૌવત
ફરકવા—પગલાં ભરવા
બકરા—બકરીના નર

પાઠ ૫૭

ઝાડપાલા—વનસ્પતી, ફળ ફ
ળાદિક
નદીઓ—સરિતા, મોટા પાણીનો
પ્રવાહ, ગંગા
મોળું—ફીકું, સ્વાદ વિનાનું
ખારૂં—ખારાશવાળું.
કુવો—કુપ
મીઠું—સ્વાદવાળું
તળાવ—નાનું સરોવર
બાણીઓ—આણીએ

પાઠ ૫૮

લખોટી—લાખની ગોળી
ઠરે—સ્થાપીત થાય, ભાથે આવે
બહુ—ઘણું, વધારે
[illegible]
ઝુમખા ટોળા
ભુલી—વિસરી, ચુકી
ખરી—સાચી

પાઠ ૫૯

અધિપતી—રાજા, પૃથ્વીનો ધણી
પસ્તાય—વિમાસે. પસ્તાવો કરે
પાછળથી—પછીથી, કેડેથી
પછવાડેથી.
આછન—ઉઘાડું, ખુલ્લું, બાહેર.
ઝલાય—પકડાય.
સમજી—માની, જાણી.
જ્યારે—જેવખતે.
ભાંખી—લટકાવી, ટંગાવી.
ફજેતી—બદબોઈ

પાઠ ૬૦

આંગણું—ઘર આગળની જગા
પછીત—ઘરની પાછલી ભીંત.
છીંડી—ઘરની પાછળની છુટ.
અગાશી—ધાબુ.
અજવાળું—અજવાસ, તેજ,
પ્રકાશ, ઉજેશ.
ચોક—ઘર વચે ઉઘાડી જગા.
કરા—ઘરની આસપાસની ભીંતો
ઓટલો—બારણા આગળ ઓટ

લો ચોરો
મેડો—માળ, મેડી.
ભીંત—દીવાલ.
ઉઘાડી—ખુલ્લી, જાહેર

પાઠ ૬૧

રશોડું—રાંધવાની ઓરડી.
ભંડારીઆં—તાકાં, હાટડાં.
પાણીઆરૂં—પાણીનાં બેડાં મુકવાની જગા.
ટાંકાં-પાણી ભરી મુકવાના કરેલા ખાડ.
ઓટલી—નાનો ઓટલો.
અંધારૂં—તિમર, અંધકાર.
રશાઈ—પાક, જમણ.
ધુમાડો—ધુણી.
ગોટાય-ફેલાય, ગુંચાય, ભરાય.
જાળી—લોઢાના સળીયાનું ગુંથેલું બારણું.
બારી—કમાડ.
ધુમાડીયું-ધુણી જવાનું બાકું.
ઓકળી—ખાળ અથવા પાણી આરા આગળ ચુનાની ઓટલી
છો—ચુનેથી બનેછે તે.
[illegible] લઈ જવું.
ગોખલા-તાકા, હાટડાં
નીસરણી—સીડી.
મુકલી—રાખેલી.
ઢાંકવાને—સંતાડવાને.
બેડાં—પાણી ભરવાનાં તાંબા પીતળનાં વાસણ
થોડુંજ—લગારેક.
દેવાય—વપરાય, અડકાવાય

પાઠ ૬૨

કુકડી—મરઘડી.
બચ્ચાં—બાળક.
ખડખડે—અવાજ થાય.
દીપે—શોભે, ખુલે.
ભાતભાતનાં-તરેહ તરેહનાં, જાત જાતના.
ઉકરડા—છાણ અથવા ખાતરના ઢગલા.
આતરવાની-ખોદવાની, ઉખેડવાની.
વાહાણું—સવાર, પ્રાતઃકાળ.
સેવે—સાચવે, ઉછરે, જાળવે
બીકણ—બીહે તેવું,
ધસવું-ધોડવું, દોડવું.
છેડવું—બીજાવવું, વતાવવું.

માંજર-માંથાપરની કલગી.
પીંછાં—પક્ષીની પુંછડી જેની
 ઘની હોયછે તે.
ધંધો-રોજગાર, કામ, ઉદ્યમ.
વળગવું—બાઝવું
ભાળવે-સાચવે, સંભાળે
કાયર—સુસ્ત, સુર વગરનો.
ચળકતાં—તેજસ્વી, ચકચકીત.
 ઝળકતાં.
રંગ-વરણ
રૂપાળો—રૂપવાળો.
રોજ—હમેશ, સદા, નિત્ય.

પાઠ ૬૩

કીડી-નાના મંકોડી.
સાપ—સરપ, નાનો નાગ.
ભણતો-સીખતો. બાક્યાકરતો.
ચગદી—દાબી, ચાંપી, પીલી.
છેલ્લીવારે—આખરે, છેવટે.
પ્રાણ—જીવ, આત્મા, જાન.
વેહેર-અદા, દ્વેષ,
લગારેક-થોડું, રજ, જરા
ઝટકા-ડંખ.
નાગ-મોટા સાપ, ભોરંગ.
છોલાયું-ઉઝરડાયું

કેશ—ફેણ, રેસા.
જીવ-પ્રાણ.
નબળા-અશક્ત
પેસતાં—પ્રવેશ કરતાં, જતા.
લોહી—રૂધીર, શ્રોણીત.
વાગેલ—જખમ થએલો.
પેર-રીત, ભાત.

પાઠ ૬૪

છોડવા—નાના ઝાડ.
મુળીઆં—મુરાડીઆં, જડ.
જીવે—બચે, ઉગરે.
વાદળ—વાના જથો.
વાટે—રસ્તે, માર્ગે, પંથે.
ઓગળે—પીગળે, ગળે.
વેહ—કાણું, છીદ્ર, સાહાર.
કરો—તરવ, રતવ.
થડ-ઝાડનાં ડાળાં જેમાંથી ઉ
 ગે છે તે.
ડાળાં-ડાંખળી, શાખા.
ફુલ—પુષ્પ.
ફળ—મેવો.
શાક-તરકારી, ભાજી.

પાઠ ૬૫

લીલા-લીલાશવાળા

કરમાઈને-સુકાઈને, વીલઈને.
સીઆને-પાઈને, પુટો આપીને
છાંટવું-છંટકાવ કરવો.
કચરે-કાદવે, કીચડે.
સુકાવું-વીલાઈ જવું, કરમાઈ જવું
ટટાર-ઉભા.
તાકજ-તૈયાર, પુષ્ટ.
વરસતો-પડતો.
બીચારા-ગરીબ, બાપડા.
લુલા-લંગડા.
મજાના-લજાતદાર, સારા.
રીસાળ-ક્રોધી, ગુસ્સાવાળો, આંજી.
પીરશેલી-પુરેલી, મુકેલી.
વેદના-દરદ, દુખ
પુછે-નાંદે, ઈજા કરે.
રીસાયો-રીસાઈ ગયો
મુદલ-લગાર, જરી.
ભાંડુ-ભાઈ બહેન.
વીછી-વીંછુ.
ચેન-સુખ
મજા-મેહની.
આબુ-સારે,
મુકયો-મેલ્યો.
દુધપાક-દુધ ચોખાનો પાક

પાઠ ૯૭

તગતગતાં-તપતાં, ઝરમરતાં
ઉંડાં-આડ
રૂ-કપાસમાથી નિકળે છે તે.
ગામ-ગ્રામ.
આખુ-બધું.
ધીમે ધીમે-આસ્તે આસ્તે.

પાઠ ૯૮

પાલા-પાત્ર પાંદડાં.
ઝાઝવાં-ઝળ ઝળીયાં.
નજ-પ્રકાશ, ચળકાટ, નુર.
સુરજ-સુર્ય, રવી.
ગરમી-તાપ, તડકો. ઉષ્ણતા
નિપજ્યું-પેદા થયું, બન્યું.
સર્વે-બધાએ.
થાળી-જમવાનું વાસણ.
ટાઢ-ઠંડ શીત.
આંખે-નેત્રે

પાઠ ૯૯

બગાડ-નુકશાન, હાની.
ધાજો-દોડજો, વારે આવજો
ખીજમાં-ક્રોધમાં, રીસમાં.

અંતરનાળા—અંતરના ગાઝુરા, અદ્ભુત.
અમાઈ—અકળાઈ, બેભાન થઈ
ઉનરવું—ઠગવું. ફોસલાવવું.
આશાપાશા—આગળ પાછળ.
અદ્ભુત—જમીન ખેડનાર.
મારતો—મરાવતો. ખવરાવતો
ખુમો—ચોરીનો રોડો
શરમાઈ—લજવાઈ, એઓ ખાઇ
નુકશાન-ખરાબી, બીગાડ

પાઠ ૭૦

ઘસવું—દાખલ થવું, પેસવું.
પામીએ—ખમીએ, ભોગવીએ.
ભસવું—કુતરાનું બોલવું.
લોહીઝહાણ—લોહી ચુતો.
તુટી પડવું—એકદમ પડવું.
શોબત—સંગત.
લાગ—દાવ, તક.
ફાવે—ચાલે.

પાઠ ૭૧

પજવીએ—ચીતાડીએ.
ઉગાડીએ—ઉછેરીએ.
માહોમાહે—પોત પોતામાં, અંદર અંદરમાં.
ઉગામળીને—ઉપરાણીને
કુભાવ—કુભાવ. ખોટું લાગે.
રાજી થવું—ખુશી થવું
હેત—માયા, ચાહના, પ્યાર.
ઉપરાણીને—હાથ. ભળાને.
આવો—પેતો.

પાઠ ૭૨

વાહાલો—પ્યારો.
માઠું—વરવું.
ઊંચો—આઘો, દુર
ગરેવ—જમીન, ધરતી.
અંધારૂંઘાર—અંધકાર.
ગગન—આકાશ
પરમેશ્વર—ઈશ્વર.
તડકો—તાપ, ગરમી.

પાઠ ૭૩

કરનાર-બનાવનાર, કર્તા.
જગ—દુનિયા, સંસાર, આલમ.
સરજનાર—પેદા કરનાર, ઉત્પન્ન કરનાર.
મહિમા—માહાત્મ, કીર્ત્તિ, વખાણ, વિખ્યાતી.
ભજવા—જપવા. ભજન કરવું

આંબલી } ઝાડછે
કોઠી }

તારા—ગગન નક્ષત્ર, ચાંદરણુંચો

દેવ—પરમેશ્વર, પ્રભુ, ઇશ્વર

ચરીએ—રાખીએ

નિશાળ—શાળા, ભણવાનું ઠેકાણું

પાઠ ૭૪

રંગત—રંગેલી.

શો—સંખ્યા (૧૦૦)

થોથીઆં—પોથીઆં, થેપાડાં.

પાટી—લખવાનું લાકડાનું પાટીયું

વતરણું—કલમ, લેખણ.

એકડેએક—સંખ્યાનો પહેલો અક્ષર (૧)

મોઢે—મુખે, વદને.

ધુળ—ધેસુ, રજ.

તૈયાર—સાવચેત, ખબરદાર.

સ્લેટ—પથ્થર પાટી.

ખડી—ધોળી માટી.

વાટીને—કચરીને, ભુકી કરીને.

પાઠ ૭૫

ચીતારો—ચીતરનાર.

ચડાવતો—ચોપડતો.

ખડીઓ—દ્વાત.

હરડાંબેડાં—રંગાટીમાં આવનારા એક જાતનાં ફળ

હીરાકશી—એક જાતનો કાળો રંગ કરવાનું વસાણું.

ભાઈબંધ—દોસ્તદાર, મીત્ર.

શાહી—રૂશનાઈ

ખરૂ—સાચો.

ગાંધીને—કરીઆણું વેચનારને.

લેખણ—કલમ, વતરણું.

પાઠ ૭૬

બાજુબંધ—હાથે પહેરવાનું એક જાતનું ઘરેણું.

કંદોરો—કેડે પહેરવાનું ઘરેણું, કટીમેખળ.

ધનતેરસ—ધન ધોવાનો દાહડો, આશોવદ તેરશ.

ટુંપીઓ—ગળચવો

છલીઆ—બાયડીઓના પગની આંગળીઓનાં ઘરેણાં.

ભરવી—પાંચી.

વાનાં—વસ્તુઓ, ચીજો.

કડાં—હાથે પહેરવાનાં ઘરેણાં.

સાંકળાં—તોડા.

ચોકડાં—કાને પહેરવાનું ઘરેણું

અંકોટી—સ્ત્રીને કાને પેહેરવાનું ઘરેણું.
વીંટી-મુદ્રીકા, આંગુઠી
પોંચી—ખેરખા.
પાટલીયાં-તુઈ.
બાઈડીઓ-સ્ત્રીઓ, બઈરીઓ
ધોતાં-સાફ કરતાં.

પાઠ ૭૭

બીજાં-બેઓ.
કીમત—મુલ.
હળપુણી—કાશ.
પાવડો-એક જાતનું ઓજાર
શોનેરી-શોનું જડાવેલું.
બુટા-કશબની ભાત.
સાંકળ—લોહાની રાકળી.
નકુચો-નાકાવાળો ખુંટો.
ડોકુ—કંઠ, ગળુ

પાઠ ૭૮

હડપચી-હોઠની નીચેનો ભાગ
ગાંસડી-પોટલી, બચકી, બીંદડી
લમણું-આંખ અને કાનની વચેનો ભાગ.
ખાબરી-માથાના વાળ.
બોચી-ગરદન.
મોખરો—મોહો આગળ.
ચોટલી—કેશ, શિખા.
ચોટલો-વેણ
હોઠ—હોસ્ટ, અધર.
કોટ—ડોકની નીચેનો ભાગ.
પછવાડે—પાછળ, પાછલી બાજુએ.
મજુર-હેલકરી, મેહેનત કરનાર.

પાઠ ૭૯

વાંશો—પીઠ, બરડો.
ઢીંચણ—ઘુટણ, પગનો વચલો સાંધો.
ખભા-સ્કંધ, બાંધ.
હાથેળી-આંગળાં અને કાંડાની વચેનો ભાગ.
બગલ—કાખ.
કેડો—કમ્મર
કાંડુ—હાથને પંજાની વચેનો ભાગ.
નખ-નોંહોર, નખોરીઆં.
ગાળો-વચલો ભાગ.
થાપા-ઢીંચણની ઉપરનો ભાગ
સાથળ—જાંગ
નળો—પગની ઘુંટીથી ઘુટણ સુ

બીજો ભાગ

તળીયું—પગની તળેનો ભાગ

એડી—પગનો ઘુંટણ સુધીનો ભાગ

ઘુંટી—પગના પોંપડાની બાહાર નીકળેલું ડકુ

અગ્ર—આગળ

છાતી—સ્તન હૈયુ, હૃદય

પાઠ ૮૦

આંબાવાડીયું—આંબાની વાડી

ટપૈયા—આરેયા, ટોકયા

ઝાંપો—દરવાજો, ઝાંખરાનું બારણું

રખપાળ—રખેવાળ, ચોકીદાર

પોહોચ્યો—મળ્યો, ભેગો થયો

કેરી—આંબાનું ફળ

વલે—દશા, હાલત

પાઠ ૮૧

સંગ—સોબત, સંગત

પ્રેમ—હેત, પ્યાર

ભાગ્યશાળી—સારા ભાગ્યવાળો, નસીબવાન

ઠામ—ઠેકાણું, જગો

ઠરશે—થોભશે, અટકશે

બુરે—ખોટે, નઠારે

ખાંડ—મીસરી

પાઠ ૮૨

જલેબી—એક જાતનું ખાંડનું પાચેલું પકવાન

પોર—ગયે વર્ષે, પાછે વર્ષે

પકવાન—મીઠાઈ, સુખડી

હારડા—હાર, માળા

ખાખરા—ઘઉંના જાડા રોટલા.

ભાણું—જમવાને ભાણે

પતાસાં—ખાંડની ચાસણીના ઠરેલા પરપોટા

બરફી—મીઠાઈના ચોસલા

ઘેબર—એક જાતનું પકવાન જેવું જાડું રોટલાના

કુતરો—શ્વાન, કુતરીનો નર

ખાતર—ચોરી

જડયું—મળયું

દાટવું—છુપાવવું, જમીનમાં ઘા દી દાટવું

ખાણવું—ખોદવું, ઓદવું

નજર—દ્રષ્ટી, રેત

ચોર—ઠુંગો, ચોરી કરનાર

ખાતર પાડીને ચોરી કરીને

ધન—પૈસો દ્રવ્ય

પિછોડી—ઓઢણ, ઉપરણી

પાઠ ૮૪

મેળાપ—સંજોગ, મળવુ
શેખી—બડાઈ, મગરૂરી, પતરાજી
રડ્યુંખડ્યું—કોઇક, જવલે.
મોંઘુ—વધારે કીમતવાળુ, અછતવાળુ.
પડભડી—લડાઇકરી, ઉતરી પડી
વઢવાડ—કજીઆ, લડાઇ, ટંટો.
સામટા—એકીવારે, બધુ.
શાહુકાર—શાહ, પ્રમાણિક, આબરૂદાર.
જમણ—જમવાનું, ભોજન.
ખરીદવું—વેચાથી લેવુ.
હાંલ્લું—કચરાનું કાણુ વાસણ.
લેખુ—ગણતરી, હીસાબ.
અપાણું—આચાર, આપેલું.
જણીઆ—જણ
ભેગુ—એકઠુ, સાથે.
સાદો—અવાજ, રાગ, ઉચ્ચાર, ચીસ, બુમ.
સાકર—ખાંડની ચાસણીના કરેલા ગાંગડા.

પાઠ ૮૫

ભળ—કાંસો, કાંટો.
કોતરવું—કાણાવાળા કરવા.
વાધરી—એક જાતની સાળી.
મરડ્યું—અમરડ્યું, વાળ્યું.
રમડી—[illegible]
લુચ્ચી—દગાવાળી, કપટી, ઠગણી

પાઠ ૮૬

ખાડમાં—અંતરમાં, જંગલમાં.
ફુલાવવું—ઉપસાવવું
ખરચખુટણ—વાપરવું, ખરચકરવું
તાલેવન—શ્રીમંત, ધનવાન.
પૈસાદાર—તવંગર.
મગત—હદ, વાદ વિવાદ.
ગજુ—શક્તિ, તાકાદ, બળ
બરોબરી—બીજાના જેવું

પાઠ ૮૭

આડોશીપાડોશી—પાસે રહેનાર
જાગવું—જાગરૂત થવુ.
ગુણપાડ—આભાર, ઉપકાર.
ધણી—માલેક, ઉપરી
રખવાળી—ચોકી, સાચવણી.

પાઠ ૮૮

ફેંદાઈ—ચુંથડીયા.
ખડકી મુકયાં—ગોઠવી મુકયાં.
સાકરીયા—ખાંડની ચાસણી મઢાવેલા.
ચકરડી—ફુકરડી.
લાકડાનો—કાષ્ટનો.
મીઠાઈ—હરેક જાતનું પકવાન.
પાલખી—સુખપાલ.
ચોસલાં—ચોખંડા ટુકડાં.
રમકડાં—રમવાની વસ્તુઓ
ઠઠ—ભીડ, જથો, ટોળી.
ગાડીઓ—નાનાં ગાડાં.
કોપરાપાક—[illegible]

ભમરડા—લાકડાનું રમકડું.
ઘંટી—ચક્કર, દળવાનું યંત્ર.

પાઠ ૮૯

પંચરાઉ—પરચુરણ.
નાગલી—બાવટો, એક જાતનું અનાજ.
અપવાસ—ભુખ્યું રેહેવું, લાંઘણ
રાજગરો—એક જાતની ખાવાની વસ્તુ.
કોદરા—એક જાતનું અનાજ.
મકાઈ—એક જાતનું અનાજ.
બંટી—એક જાતનું અનાજ.
બાવટો—નાગલી.
તુવેર—એક જાતનું કઠોળ.
મગ—એક જાતનું કઠોળ.
ઘઉં—ગોધુમ.
ફરાળ—ફળ ખાવું, ફળનો આહાર
વટાણા—એક જાતનું કઠોળ.
જાર—જુવાર.
ડાંગર—જેમાંથી ચોખા નીકળે તે.
વડી—ઓળાની દાળ વાટી મશાલો નાખી ટપકાં મુકે છે તે

પાઠ ૯૦

ઘાંચી—ઘાણી પીલનાર.
પીલવું—તલમાંથી તેલ કાઢવું.
ટોળીયું—ટોળીનું તેલ.
દિવેલ—એરંડીયું.
[illegible]ાજીનું તેલ.

સરશીયું—સરસવનું તેલ.
એરંડા—જેમાંથી એરંડીયું નીકળે છે તે.
ફોલ્લા—ઝરોલા, ફફોલા.
સરસવ—જેમાંથી સરશીયું નીકળે છે તે.
ખોળ—તલના કુચા.
હકીકત—ખીના, વાત, વર્ણન.

પાઠ ૯૧

કાચુંકોરૂં—રાંધ્યા વગરનું.
દારૂખાનું—આતશબાજી.
જાળાં—બઉઆં
ઉધઈખુધેઈ—એકજાતના જીવ.
ખંખેરી—ઝાપટી.
શીરો—એક જાતની ખાવાની વસ્તુ.
મઠીયાં—મઠના પાપડ.
સંજોરી—મશાલો ભરેલી એક જાતની પુરી.
ગેરૂ—રમચી.
ખચકો—ગાંસડી.
પટારો—મજુશ, મોટી પેટી.
ખરેખરીને—ખરેખરો, ખુબ, બહુજ.
ફુલકણી—કાગળમાં દારૂ ભરેલી ભુંગળી.
ફટાકા—ફટાકીયા, ટેટા.
છછુંદરાં—એક જાતનું દારૂનું રમકડું.

ઘુઘરા—એકજાતનું સારૂ ભોજન | મોટા ખડીઆ.
કોઠીઓ—દારૂ ભરેલા કચરાના | ખાંડેછે—ફોડેછે, વઘારેછે.

૧ સુંદર ચોપડીઓ સારી દેખાય, અને તે દેખાને મન રાજી થાય, પણ જોને વિગતથી વંચાય તોજ તેમાંથી કામ થાય (૧) જેમ જેમ તન દઈને વાંચે તેમ તેમ સમજણ આવે, પરંતુ જે વાંચે છે પણ તેનો વિચાર કરતા નથી તેઓ બધો અર્થ સમજી શકતા નથી (૨)

૨ વરસાદ તું આવ કે જેથી ઘેબરીયો પ્રસાદ ઉની ઉની રોટલી ને કારેલાનું શાક. (૧) વરસાદ તુ નેવે પાણી પડે તેમ આવજે કે જેથી દેડકાં ઉત્પન્ન થાય ને નઠારી છોકરીને ખેંચી જાય. (૨)

૩ વાડામાંથી એક પાડું છુટું થઈને ઘણો ચારો ચરવાને વગડામાં ગયું. પછી ત્યાં તેને વાઘે મારી નાખ્યું એવી રીતે એ અણસમજણથી દુખીયું થયું માટે જે અ. સમજણથી સ્વતંત્ર થાય તે અંતે આ પાડાની માફક દુખી થાય(૨)

૪ દરરોજ નિશાળે જઇ ચીત લગાડીને ભણવું, અને સારી રીત રાખીને ગુરૂ જે શિખામણ દે તે માનવી; (૧) રમતમાં મન ઘાલશો નહી, અને સારી પેઠે સમજજો વળી નિશાળમાંથી નિકળીને પાંશરા ઘર તરફ જજો. (૨)

૫ ગાયમાં ગણી શકાય નહી તેટલા ફાયદાછે, અને તે બધાને સુખ આપનારી કેહેવાય છે, ને દહી દુધ, ઘી, આપે છે, અને તે સર્વ માણસ ખુશીથી ખાયછે. (૧) ચાર પગ વાળાં જાનવર, પક્ષી, સ્ત્રી તથા માણસ એ સર્વને જન્મ થતી વખત થી તથા દુધ જીવને આશ્રો આપનાર છે.

૬ જે પુરૂષ કોઈ વખત પણ જુઠુ બોલે, તે ખરેખરો પાપી થાય, માટે બાળકો એ ઉપાય તમે કદી કામે લગાડશો નહી (૧) સાચુ બોલવામાં ઘણુંજ સુખછે. સાચુ બોલવાથી બધાનો પ્યાર વધેછે. વળી સાચાર

સરજનાર જે પ્રભુ તે પણ ખુશી થાય છે, અને સાચાઈથી આપણું શરીર પણ સારૂ દિપે છે. (૨)

૭ માળો બાંધવા સારૂ જુવો કાળો કાગડો બેઠો છે તે ને બે પાંખો છે ને તે બોલે છે, પણ તેનો રાગ કાંઈ રાશ નથી(૧)જો કોઈ માણસ કાંકરો લઈ તેને ઝડપથી મારવા મન કરે તો તે ચંચળ પક્ષી મનમાં સમજીને ઉડી જાયછે. (૨)

૮ ઊંદરો હારબંધ વધી પડયા, તેમને પકડીએ કઈ એ તોએ પાર આવતો નથી, રાતરે તેઓ એવા ધમ પછાડ કરવા મંડી જાય છે કે જાણે લુટારાઓની ટોળી પડી(૧) તેઓ સુદર વસ્ત્ર કરડી ખાયછે, ને દીવામાંથી બતી લેઈ જાયછે તેઓને પકડવાનો હવે એકે ઈલાજ સુજતો નથી. પણ બીલાડી મળે તો મોટું સુખ થાય (૨)

૯ ચોરીમાં સુખ સમજીને જે માણસ ચોરી કરી રેહેછે પણ જ્યારે તે ચોરીથી થતું દુઃખ સહન ન થવાથી પશ્ચાતાપ કરવો પડે છે. (૧) જે વારે ચોરી ઉઘાડી પડે છે, અને ચોર પકડાય છે, ત્યારે રાજા તેને બાંધીને ફટકા મારે છે, ને તેની પુરી અપકિર્તિ થાયછે

૧૦ ભાઇઓ આ જંગલી ઝાડ જુવો, તેમાં સઉથી તાડનું ઝાડ ઊંચુ છે; તેમાં કોઇ આમલી, આંબા ને કોઠીનું છે અને તે બધાનાં ફળ પણ જુદાંછે(૧) જે આ દુનિયાં સુર્ય અને તારાનો બનાવનાર છે તેજ અમારો મોટો પ્રભુ છે, જેથી અમો તેની ભકિત કરવાની ટેવ રાખીએ છીએ.

૧૧ જેને જેવી શોબત હોય તેવો રંગ ઘણું કરીને બેશે જેને જેવી સંગત હોય તેને તેવીજ પ્રીત વધે. જેને જેવી સંગત છે, ને તે તેવાંજ કામ કરશે, અને જેને જેવી શોબત તે તેવેજ ઠેકાણે જઈ ઉભા રેહેશે. સારી શોબત હશે તે સારો બનશે અને નઠારી હશે તો નઠારો બનશે, પણ જો સારો ૧૨ શિખવનાર હોયતો તેની સંગતથી નશીબવાન વિદ્યા બને.

સમાપ્ત.

જાહેર ખબર

[illegible] બાળકોને અર્થ સમજવામાં [illegible] [illegible] માટે આ નીચે મુજબ ચોપડીઓ [illegible] [illegible] [illegible] [illegible]

૦-૧-૦ પહેલી ચોપડીના અર્થ

૦-૨-૦ બીજી ચોપડીના અર્થ

૦-૩-૦ ત્રીજી ચોપડીના અર્થ

૦-૪-૦ ચોથી ચોપડીના અર્થ

૦-૫-૦ પાંચમી ચોપડીના અર્થ

૦-૬-૦ છઠ્ઠી ચોપડીના અર્થ

૦-૭-૦ સાતમી ચોપડી સંબંધી

૦-૨-૦ [illegible] ગાયન

૦-૫-૦ નંદ બત્રીશી

૦-૪-૦ [illegible] ([illegible]) [illegible]

૦-૧-૬ [illegible]

૦-૨-૦ [illegible]

એ સિવાય બીજી [illegible] [illegible] ચોપડીઓ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ([illegible]) [illegible] [illegible]

[illegible]